"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.

તા: ૨૨/૦૧/૨૦૧૭
સુરત

તંત્રી શ્રી, ______________________

જત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નિલેશ માંડલેવાળા

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## અનાવિલ સમાજના બ્રેઈનડેડ બીપીનભાઈ કીકાભાઇ દેસાઈ અને તળપદા કોળી પટેલ સમાજના બ્રેનડેડ નટવરભાઈ ગોમાનભાઈ પટેલના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી માનવતા પ્રસારી સમાજને નવી દિશા બતાવી

## ડોનેટ લાઈફ દ્વારા એક જ દિવસે બે બ્રેઈનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી ૪ કીડની, ૨ લિવર અને ૪ ચક્ષુઓનું દાન કરાવીને ૯ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની આપી

(૧)નામ:બીપીનભાઈ કીકાભાઇ દેસાઈ ઉ. વ.૭૬ બ્લડ ગ્રુપ: O+ve

રહેવાસી: ૪૦૧, શ્રી સાયોના એપાર્ટમેન્ટ, નંદીપાર્ક સોસાયટીની પાસે, વિજય સેલ્સની ગલીમાં, પીપલોદ, સુરત.

મૂળ રહેવાસી : ગામ: સદેલી, વલસાડ

કૌટુંબિક વિગત :પત્ની: ગીતાબેન બીપીનભાઈ દેસાઈ ઉ. વ.૬૭

પુત્ર: પર્મેશ બીપીનભાઈ દેસાઈ ઉ. વ.૪૧

પાંડેસરામાં આવેલ ગણપતિ ડાઈંગ મિલ્સમાં ડાઈંગ માસ્ટર તરીકે ફરજ બજાવે છે.

પુત્રવધુ: જસ્મીન પર્મેશભાઈ દેસાઈ ઉ. વ. ૪૦

દિલ્હી પબ્લીક સ્કુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે.

બનાવની વિગત:

બુધવાર તા. ૧૮ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ બીપીનભાઈ સવારે ૮:૦૦ કલાકે વોક કરીને ઘરે આવ્યા બાદ બેઠા હતા ત્યારે માથામાં દુ:ખાવાની અને ચક્કર આવવાની ફરિયાદ કરતાં અર્ધબેભાન હાલતમાં તેઓને મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં ડૉ. હિમાંશુ દેસાઈની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા.. નિદાન માટે CT સ્કેન કરાવતાં બ્રેઈન હેમરેજ હોવાનું અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ન્યુરોસર્જન ડૉ. આશીત દેસાઈએ ક્રેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દુર કર્યો હતો.

# "Donate LiFe"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat. India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation




શનિવાર તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ ન્યુરોફીજીશ્યન ડૉ. મનોજ સત્યવાણી અને ડૉ. અનિરુધ્ધ આપ્ટે, ન્યુરોસર્જન ડૉ. આશીત દેસાઈ અને ઈન્ટેન્સીવીસ્ટ ડૉ. આલોક શાહે બીપીનભાઈને બ્રેઈન ડેડ જાહેર કર્યા.

બીપીનભાઈના ભાણેજ ડૉ. જતીન દેસાઈએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી બીપીનભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી ડૉ. જતીન દેસાઈની સાથે રહી બીપીનભાઈના પુત્ર ધર્મેશ અને પુત્રવધુ જસ્મીનને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી. ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

બીપીનભાઈના પુત્ર ધર્મેશ અને પુત્રવધુ જસ્મીને જણાવ્યું કે અમારા પિતાજી ખુબ લાગણીશીલ અને સમાજઉપયોગી પ્રવૃત્તિમાં માનતા હતા. આજે જ્યારે તેઓ બ્રેનડેડ છે અને તેઓનું શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરી કિડની અને લિવર નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

<u>(૨) નામ: નટવરભાઈ ગોમાનભાઈ પટેલ ઉં. વ.૬૩ બ્લડ ગ્રુપ: O+ve</u>

ઓક્ટોબર ૨૦૧૬માં નવસારીમાં આવેલ એગ્રીકલ્ચર યુનિવર્સીટીમાંથી આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નિવૃત થયા.

રહેવાસી: જ્યુબી પાર્ક, જલાલપોર, એરૂ ચાર રસ્તા, નવસારી

મૂળ રહેવાસી : મુ.પો: કટપોર, બોરડી ફળિયા, હાંસોટ, ભરૂચ

કૌટુંબિક વિગત :પત્ની: રમીલાબેન નટવરભાઈ પટેલ ઉં. વ.૫૬

પુત્ર: કુંજલ નટવરભાઈ પટેલ ઉં. વ.૩૭

ઈશા એગ્રો એશીયા એગ્રો કેમિકલ કંપનીમાં સિનીયર એક્ઝીક્યુટીવ તરીકે ફરજ બજાવે છે.

પુત્રી: બિનીતા નટવરભાઈ પટેલ ઉં. વ. ૩૫

અસ્પી કોલેજ કૃષિ યુનિવર્સીટીમાં ફરજ બજાવે છે.

<u>બનાવની વિગત:</u>

ગુરુવાર તા. ૧૯ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ નટવરભાઈ પોતાના રોજીંદા ક્રમ પ્રમાણે સાંજે ૬:૦૦ કલાકે વોક પર ગયા હતા. સાંજે ૭:૦૦ કલાકે ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે સર જે. જે. સ્કૂલની પાસે, ગાંધી સ્મૃતિ ફાટકની નજીક એક કાર ચાલકે ટક્કર મારતાં માથામાં ગંભીર ઈજાઓ થવાથી તેમને સારવાર માટે તાત્કાલિક નવસારીમાં આવેલ કે. ડી. એન ગોહિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં નિદાન માટે CT સ્કેન કરાવતાં બ્રેઈન હેમરેજ હોવાનું અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. આથી વધુ સારવાર માટે તા:૧૯ જાન્યુઆરી,૨૦૧૭ના રોજ રાત્રે ૯:૦૦ કલાકે એપલ હોસ્પિટલમાં ન્યુરોસર્જન ડૉ. કે. સી. જૈનની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા.

શનિવાર તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ ન્યુરોસર્જન ડૉ. કે.સી. જૈન, ડૉ. અશોક પટેલ અને ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરાએ નટવરભાઈને બ્રેઈન ડેડ જાહેર કર્યા.

૩...


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. F-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



ન્યુરોસર્જન ડો. કે. સી. જૈને ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી નટવરભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી નટવરભાઈના પત્ની રમીલાબેન, પુત્ર ફ્રિંજલ, પુત્રી બિનીતા, ભત્રીજા મિહિર અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સૌ સભ્યોએ જણાવ્યું કે અમારૂ સ્વજન બ્રેઈનડેડ છે અને તેમનું મૃત્યું નિશ્ચિત જ છે ત્યારે તેમના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતા તેમના અંગોનું દાન કરી કિડની અને લિવર નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો. વધુમાં પરિવારજનોએ સ્વામિનારાયણ સંપ્રદાયના અનુપમ મિશન, મોગરી સ્થિત સંસ્થાના સ્થાપક પૂજ્ય જશુભાઈસાહેબનું ઓર્ગન ડોનેશન અંગે માર્ગદર્શન મેળવતાં તેઓએ પણ તેમને અંગદાન કરવાનું જણાવ્યું હતું.

બન્ને પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો.સુરેશકુમાર અને તેમની ટીમે આવી ૪ કિડની અને ૨ લીવરનું દાન સ્વીકાર્યું.જ્યારે ૪ ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી ચાર કિડની પૈકી બે કિડની પાલી રાજસ્થાનના રહેવાસી નારાયણલાલ કસ્તુરજી માલી ઉ.વ ૫૬, ત્રીજી કિડની પંચમહાલના રહેવાસી અમિતકુમાર સોમાલાલ શ્રીમાળી ઉ.વ ૨૯ અને ચોથી કિડની કચ્છના રહેવાસી નિમીશ કિશોરચંદ્ર મહેતા ઉ.વ.૨૯માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે બે લીવર પૈકી એક લીવર અમદાવાદના રહેવાસી હરેશકુમાર દિનકરરાય દવે ઉ.વ. ૫૯ અને બીજુ લીવર છોટાઉદેપુરના રહેવાસી હરકીશન અશોકભાઈ મોદી ઉ.વ. ૪૮માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ ચાર કિડની અને બે લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો.જમાલ રીઝવી,ડો. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં બીપીનભાઈના પુત્ર ધર્મેશ, પુત્રવધુ જસ્મીન, ભાણેજ ડો. જતીન દેસાઈ, નટવરભાઈના પત્ની રમીલાબેન, પુત્ર ફ્રિંજલ, પુત્રી બિનીતા, ભત્રીજા મિહિર, ન્યુરોફીજીશ્યન ડો. મનોજ સત્યવાણી અને ડો. અનિરૂધ્ધ આપ્ટે, ન્યુરોસર્જન ડો. આશીત દેસાઈ, ઈન્ટેન્સીવીસ્ટ ડો. આલોક શાહ, ન્યુરોસર્જન ડો. કે. સી. જૈન, ડો. અશોક પટેલ, ન્યુરોફીજીશ્યન ડો. પરેશ ઝાંઝમેરા, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, એપલ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી અને પલલ પ્રજાપતિનો સહકાર સાંપડયો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૧૮૫ કિડની, ૭૦ લીવર,૪ પેન્ક્રીઆસ,૭ હૃદય અને ૧૬૪ ચક્ષુઓનો દાન મેળવીને ૪૨૯ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |